| | |
|---|---|
| દાખલ તારીખ | : ૨૫/૦૮/૨૦૨૩ |
| રજીસ્ટર તારીખ | : ૨૫/૦૮/૨૦૨૩ |
| ફેસલ તારીખ | : ૦૪/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | : વર્ષ: ૦૨, મહિના:૦૮, દિવસ :૦૯ |

## **<u>બરવાળાના મહેરબાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુકામ–બરવાળા, જીલ્લો–બોટાદ</u>**

**<u>ફોજદારી કેસ નંબર– ૪૧૪/૨૦૨૩</u>**

**આંક:–**

**<u>ફરીયાદી</u>: –** શ્રી સરકાર વતી શ્રી એચ.પી.મકવાણા
ખેતી વાડી અધિકારી, બરવાળા
નાયબ ખેતી નિયામકની કચેરી, જીલ્લા સેવા સદન
ખસ રોડ, બોટાદ.

## **:– <u>વિરૂધ્ધ</u> –:**

**<u>આરોપી</u>:–** (૧) એગ્રી બિઝનેસ સેન્ટર, (વિક્રેતા પેઢી)
કાપડયાળી રોડ, બરવાળા, જીલ્લો–બોટાદ
(૨) કિશોરકુમાર વેલજીભાઈ દલસાણિયા,
(વિક્રેતાના જવાબદાર વ્યકિત)
કાપડયાળી રોડ, બરવાળા, જીલ્લો–બોટાદ,
(૩) મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ (મઘ્યસ્થ વિક્રેતા પેઢી)
મહાલક્ષ્મી મંદિરની સામે, લીંબડી, જીલ્લો–સુરેન્દ્રનગર
(૪) પરીખ રમેશચંદ્ર ચત્રભુજ,
(મઘ્યસ્થ વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત),
મહાલક્ષ્મી મંદિરની સામે, લીંબડી, જીલ્લો–સુરેન્દ્રનગર,
(૫) અજીત સીડસ પ્રાઈવેટ લિમિટેડ, (ઉત્પાદક પેઢી)
૨૩૩, ચીતેગાવ, તાલુકો–પેથાન, જીલ્લો–ઓરંગાબાદ.
(૬) જયદિપભાઈ અમરજી પંડયા,
(ઉત્પાદક પેઢીના જવાબદાર વ્યકિત)
બસ સ્ટેશન પાછળ, ટીમાણા, જીલ્લો–ભાવનગર

## ગુન્હો:– બિયારણ અધિનિયમની કલમ ૬(ક) સાથે વાંચતા કલમ ૭ (ખ) તથા બિયારણ નિયમનો નિયમ ૧૦ ના ભંગ બદલ, કલમ ૧૯ હેઠળની શિક્ષા થાય તે માટેની ફરિયાદ.

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.એન.કાંગ્રીયા.
આરોપી તરફે વિ.વકીલશ્રી પી.એમ.રાઠોડ

## // ચુ કા દો //

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ફરીયાદી એચ.પી.મકવાણા ગુજરાત રાજયના ખેતીવાડી ખાતામા નાયબ ખેતી નિયામકની કચેરી બોટાદના કાર્યાલય આદેશ મુજબ બરોડા ખાતે ફરજ બજાવીએ છીએ. તેઓની ગુજરાત સરકાર શ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા મુજબ બરવાળા તાલુકાના બિયારણના ઈન્સ્પેકટરની કાયદેસરની નિમણૂક થયેલ છે. તેમજ આ જ કાયદાની કલમ ૧૪(૧)(ક) તથા બિયારણ નિયમો મુજબ બિયારણના નમૂનાના પૃથકકરણ અર્થે મોકલી આપવાની સતા મળેલ છે. બિયારણ અધિનિયમની કલમ ૧૫ માં નિયત કરેલ કાર્ય પધ્ધિતિ મુજબ બિયારણના નમૂનાઓ લઈ અધિકૃત બિયારણ ચકાસણી પ્રયોગશાળાને પૃથ્કરણ અર્થે મોકલી આપી, બિયારણના પૃથકકરણના અહેવાલ અનુસાર જો કે, બિન પ્રામાણિક જાહેર થાય તો આવી પેઢી, ઉત્પાદક સામે હકુમત ધરાવતી કોર્ટમા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની હોય છે.

વધુમા ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે કે, બિયારણ અધિનિયમની મળ ેલ સતાની રૂએ શ્રી એચ.બી.પટેલ તારીખ ૨૮/૦૫/૨૦૨૨ ના રોજ એગ્રી બિઝનેસ સેન્ટર, કાપડયાળી રોડ, બરવાળાની મુલાકત દરમ્યાન પેઢીના જવાબદાર વ્યકિતની હાજરીમાં તેમના કબજાનું અજીત સીડસ પ્રાઈવેટ લિમિટેડ ધ્વારા ઉત્પાદિત બિયારણ કપાસ બી.ટી. (ACH 199 2 BG II TF) પ્લોટ નંબર ૨૦૨૧–૨૨–૦૧–૩૫–૪૨૮, ડેટ ઓફ ટેસ્ટ તારીખ ૦૫/૦૩/૨૦૨૨, વેલીડ અપ ટુ ૦૪/૦૯/૨૦૨૨ ના ૪૭૫ ગ્રામ પેકિંગના ત્રણ નંગ પેઢીના જવાબદાર વ્યકિતની રૂબરૂમાં પૃથકકરણના હેતુ માટે નમૂના નંબર ૩/૨૦૨૨–૨૩ તારીખ ૨૮/૦૫/૨૦૨૨ થી નમૂનો લઈ તેઓને મળેલ સતાની રૂએ બિયારણ અધિનિયમની કલમ ૧૫ મુજબ ચકાસણી અથવા પૃથકકરણ માટે બિયારણનો નમૂનો લેવાની બિયારણ

નિયમો મુજબ નમૂના નંબર VI માં લેખિત જાણ કરેલ હતી.

વધુમા ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે કે, બિયારણ અધિનિયમની કલમ ૧૫ માં નકકી કરેલ કાર્યરીતી અનુસાર નમૂના ત્રણ ભાગમા લેવામા આવેલા, જે પૈકી એક સીલબંધ નમૂનો ચકાસણી પ્રયોગશાળા ગાંધીનગરને યાદી સાથે પૃથકકરણ અર્થે મોકલી આપેલ. બિયારણનો બીજો નમૂનો સીલબંધ ભાગ વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિતને સ્થળ પર આપવામા આવેલ જે અંગેની રસીદ આ કામે સામેલ રાખેલ છે. ત્રીજો સીલબંધ ભાગ બિયારણ અધિનિયમ મુજબ આ સાથે સામેલ છે.

વધુમા ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે કે, બિયારણ પૃથથકરણ ગાંધીનગરના તારીખ ૦૭/૧૧/૨૦૨૨ ના પૃથ્થકરણ અહેવાલ મુજબ નમુનામા ઝીનેટીક પ્યોરીટી ૯૦ ટકા ને બદલે ૩.૨૯ ટકા માલૂમ પડેલ છે. બિયારણ અધિનિયમ મુજબ નિર્દિષ્ટ કરેલી ઓછામા ઓછી ઝીનેટીક પ્યોરીટીને અનુરૂપ ન હોય તેવુ બિયારણ વેચી/વેચવા માટે સ્ટોક રાખવામાં બિયારણ અધિનિયમમાં નિર્દિષ્ટ કરેલ લેબલમાં ખોટી કે ગેર રસ્તે દોરનારી મિલકતો હોય તો તેમા બિયારણ નિયમનો ભંગ થાય છે.

વધુમા ફરીયાદી પોતાની ફરીયાદમાં જણાવે છે કે, પૃથ્થકરણ અહેવાલ મુજબ ફરીયાદ હેઠળ બિયારણ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલ ઝીનેટીક પ્યોરીટીને અનુરૂપ ન હોય, વિક્રેતા અને ઉત્પાદકને કારણદર્શક નોટીસ આપી, તેમના ખુલાસા મેળવેલ છે. કારણદર્શક નોટીસ અનુસંધાને વિક્રેતા, મઘ્યસ્થ વિક્રેતા અને ઉત્પાદકના ખુલાસાઓ મેળવી તેમના ખુલાસા તેમજ અન્ય કાગળોની નકલો સહિત તમામ જવાબદારો સામે કોર્ટ કેસ કરવા અંગેની મંજુરી મેળવવાની દરખાસ્ત ખેતી નિયામક શ્રી ગાંધીનગરની કચેરીને તારીખ ૨૩/૦૩/૨૦૨૩ થી મોકલી આપેલ હતી તે અનુસંધાને ખેતી નિયામક શ્રી ગાંધીનગરની કચેરીના કાર્યાલય આદેશથી તમામ તહોમતદારો સામે ફોજદારી કાર્યવાહી કરવા મંજુરી મળેલ છે.

ઉપરોકત હકિકતો ઘ્યાને લેતા આરોપીઓએ બિયારણ અધિનિયમની કલમ ૬ સાથે વાંચતા કલમ ૭ ના તથા તેના લેબલ ઉપર ગેરમાર્ગે દોરનારનું લખાણ હોવાથી બિયારણ નિયમ ૧૦ નો ભંગ કરી, એકબીજાના મેળાપીપળામા બિયારણ અધિનિયમની કલમ ૧૯ હેઠળની શિક્ષાનો માત્ર ગુનો કરેલ હોય, તમામ આરોપીઓને સખત નશયત કરવા

વિનંતી કરેલ છે.

(૨) સદર કામનો સમન્સ આરોપીને ધોરણસર બજેલ છે અને આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ ફરીયાદ પક્ષે રજુ થયેલ કાગળોની નકલો આપ્યા બાદ આંક–૧૨ થી ૧૭ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સબબ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસની હકકીતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

## ::––મૌખિક પુરાવા––::

| અનુ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧) | ૩૩ | ફરીયાદી–હાર્દિકકુમાર પરસોતમભાઈ મકવાણા ની જુબાની |

## ::––દસ્તાવેજી પુરાવા––::

| અનું.નં. | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧) | ૩૪ | ખેતી વાડી અધિકારી તરીકેની નિમણૂકનો હુકમ |
| ૨) | ૩૫ | નોટિફિકેશન |
| ૩) | ૩૬ | એગ્રી બિઝનેસ સેન્ટર પાસેથી બિયારણનો નમુનો લેવા આપેલ નોટીસ |
| ૪) | ૩૭ | સીડસ પૃથ્થકરણ માટે ગાંધીનગર મોકલેલ તેનો પત્ર |
| ૫) | ૩૮ | લીધેલ નમૂના સંદર્ભે સાધનિક કાગળો |
| ૬) | ૩૯ | પૃથ્થકરણ અહેવાલ |
| ૭) | ૪૦ | આરોપી નંબર ૧ એ આપેલ રીમાઈન્ડર નોટીસ |

| | | |
|---|---|---|
| ૮) | ૪૧ | આરોપી નંબર ૨ નાએ નોટીસનો આપેલ ખુલાસો |
| ૯) | ૪૨ | આરોપી નંબર ૩ ને આપેલ નોટિસ |
| ૧૦) | ૪૩ | આરોપી નંબર ૪ ને આપેલ નોટીસનો ખુલાસો |
| ૧૧) | ૪૪ | આરોપી નંબર ૫ ને આપેલ નોટિસ |
| ૧૨) | ૪૫ | આરોપી નંબર ૬ નાએ આપેલ નોટિસનો ખુલાસો |
| ૧૩) | ૪૬ | કોર્ટ કાર્યવાહી માટેની દરખાસ્ત |
| ૧૪) | ૪૭ | ખેતી નિયામક ગાંધીનગર ધ્વારા કોર્ટ કાર્યવાહી કરવા માટે તેવો કચેરી આદેશ |
| ૧૫) | ૪૮ | બિચારણના નમૂનાની વિગત |

**(૪)** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૫૩ થી પુરાવો બંધ કરવા બાબતેની પુરસીસ આપતા, ત્યારબાદ **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩** અન્વયે આરોપીઓ સામે પુરતો પુરાવો હોય, તેઓનુ વિશેષ નિવેદન નોધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેઓના પર ખોટો કેસ કરેલ હોવાની હકિકત જણાવેલ છે. વધુમા જણાવેલ છે કે, કાર્યવાહીના ગુનામા તેઓએ કોઈ ભંગ કરેલ ન હોવા છતાં આરોપીઓ ઉપર ખોટો કેસ ઉભો કરી નિર્દોષ માણસોને સંડોવી દેવામા આવ્યા છે. '' તેઓ નિર્દોષ છે જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે. ''

**<u>ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો:–</u>**

**(૫)** ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીઓએ ખેડૂતો સાથે ગંભીર પ્રકારની છેતરપિંડી કરી ખોટા બિચારણોનો વેચાણ કરી, સમાજ વિરોધી કૃત્ય કરેલ છે. ફરીયાદી ખેતીવાડી અધિકારીએ આ કામે પોતાની ફરજમા આવતી તમામ બિચારણના નમૂના લઈ સમયમર્યાદામા પૃથ્થકરણ અર્થે મોકલી. તેનુ એફ.એસ.એલમા પૃથ્થકરણ કરાવતા બિચારણના નમુનામા ઝીનેટીક પ્યુરીટી ૯૦ ટકાના

બદલે ૩.૨૯ ટકા જણાય આવેલ જેનો પૃથ્થકરણ અહેવાલ આ કામે રજૂ કરવામા આવેલો છે. જેની અહેવાલની નકલ કારણદર્શક નોટીસ સાથે મોકલી આપવામા આવેલ અને તેનુ આરોપીઓ ધ્વારા ખુલાસો કરવામા આવેલો છે. ફરીયાદી ધ્વારા ખુલાસો થતાં અન્ય સાધનિક કાગળો સંકલન કરી તે દરખાસ્ત ગાંધીનગર ખાતે કોર્ટ કેસની મંજૂરી અર્થે મોકલી આપવામા આવતા ગાંધીનગર ખાતેથી કોર્ટ કેસ દાખલ કરવા નોટિફિકેશન બહાર પાડવામા આવેલ તેના આધારે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ છે. આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય, આરોપીઓને સખત સજા કરવા વિનંતી કરેલ છે.

**<u>આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો:–</u>**

(૬) આરોપીઓના વિધ્વાન વકીલશ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપી સામે ખોટો અને ઉપજાવી કાઢેલ ફરીયાદ દાખલ કરવામા આવેલ છે. આ કામના બિયારણનો નમૂનો તારીખ ૮/૦૫/૨૦૨૨ ના રોજ લેવામા આવેલ છે તે બિયારણની વેલીડીટી તારીખ ૦૪/૦૯/૨૦૨૨ ની છે. અને તેનુ પૃથ્થકરણ બિયારણની વેલીડીટી પુરી થઇ ગયા બાદ તારીખ ૦૭/૧૧/૨૦૨૨ ના રોજ કરવામા આવેલ છે. બિયારણના નમૂના લેવાની તમામ કામગીરી એચ.બી.પટેલનાઓએ કરેલ છે. તેઓને આ કામે સાહેદ તરીકે તપાસવામા આવેલ નથી. બિયારણ કબજે કર્યાનું કોઈ પંચનામુ પંચો રૂબરૂ આ કામે કરવામા આવેલુ નથી. પૃથ્થકરણનો અહેવાલ એફ.એસ.એલ ગાંધીનગરથી આવ્યા બાદ આરોપીઓએ રિ–એનાલિસીસ માટે કોઈ તક આપવામા આવેલ નથી. આમ, ફરીયાદપક્ષે કાયદાના ધારા–ધોરણ મુજબ સદર કેસ પુરવાર કરવામા નિષ્ફળ નિવડેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૭) સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો, રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાઓ, કાયદાકીય જોગવાઈઓ વિગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**::<u>–મુદ્દા–</u>::**

૧. *શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીના અગાઉના ખેતી અધિકારી શ્રી એચ.બી.પટેલ ધ્વારા તારીખ ૨૮/૦૫/૨૦૨૨ ના રોજ આરોપી નંબર ૧ નું મુલાકાત દરમ્યાન અજીત સીડસ પ્રાઈવેટ લિમિટેડ ધ્વારા ઉત્પાદિત*

*બિયારણના ૪૭૫ ગ્રામના ત્રણ નમૂના લઈ પૃથ્થકરણ માટે ગાંધીનગર મોકલી આપવામા આવેલ અને ગાંધીનગરના તારીખ ૦૭/૧૧/૨૦૨૨ ના અહેવાલ મુજબ નમૂનાનો ઝીનેટીક પ્યુરીટીક ૯૦ ટકાને બદલે ૩.૨૯ ટકા માલૂમ પડેલ. જેથી આરોપીઓએ અધિનિયમ ૧૯૬૬ ની કલમ ૬ સાથે વાંચતા કલમ ૭ તથા તેના લ ેબલ ઉપર ગેરમાર્ગે દોરનારુ લખાણ હોવાથી બિયારણ નિયમોના નિયમ ૧૦ નો ભંગ કરી, એકબીજાના મેળાપીપળામાં કલમ બિયારણ અધિનિયમ ૧૯ હેઠળ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?*

**૨. શું હુકમ ?**

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નંબર ૧: **નકારમાં**

મુદ્દા નંબર ૨ : **આખરી હુકમ મુજબ**.

## ::નિર્ણયના કારણો::

**મુદ્દા નંબર ૧ અને ૨ અંગે:-**

(૯) આ કામે બન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતો નું પુનરાવર્તન ન થાય તે હેતુથી બન્ને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવી છે.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા આ કામે આંક-૩૩ થી ફરીયાદી હાર્દિકકુમાર પરસોતમભાઈ મકવાણાએ પોતાની સોગંદ પર જુબાની આપેલ છે જેમા તેઓ જણાવે છે કે, તેમણે બી.એસ.સી એગ્રીકચર નો અભ્યાસ કરેલ છે અને નામદાર ગુજરાત સરકારના જી.પી.એસ.સી ના સીધી ભરતી થી સને ૨૦૨૩ મા નીમણુક પામેલ હતાં અને બરવાળા વિસ્તારમાં ખેતી અધિકારી તરીકે છેલ્લા અઢી વર્ષ થી ફરજ બજાવે છે અને તેમના કાર્યક્ષેત્રમા બીયારણ, દવા, રાસાયણીક ખાતર, વી. ખેતી વીશયક તેમજ કૃષી ઈનપુટનુ ગુણવત્તા નીયત્રણ અંગેની કામગીરી કરવાની હોય છે.

વધુમા ફરીયાદી પોતાની જુબાનીમા જણાવે છે કે, તત્કાલીન ખેતીવાડી અધીકારી તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તેમના કાર્યક્ષેત્રમાં શ્રી એચ.બી. પટેલ

કે જેઓ ફરજ બજાવતા હતા. તેઓ દવારા એગ્રી બીઝનેસ સેન્ટર બી.બી.આર બરવાળા મુકામે તારીખ ૨૮/૫/૨૦૨૨ ના રોજ બીયારણ અધીનીયમ ૧૯૬૮ મા વર્ણવેલ કાર્યપધ્ધતી થી કપાસના બીયારણ નો નમુનો લેવામા આવેલ. જેમા તેનો કોડ નંબર ૩/૨૦૨૨–૨૩ નમુનો લીધેલ. તારીખ ૨૮/૦૫/૨૦૨૨ ના રોજ લેવામા આવેલ અને તે નમુનો ગ્રોઆઉટ ટેસ્ટ માટે (જી.ઓ.ટી) માટે આનુવાંશીક શુધ્ધતા ની તપાસણી અર્થે બીયારણ ટેસ્ટીગ લેબોરેટરી ગાંધીનગર ખાતે શ્રી એચ.બી.પટેલે મોકલેલ. જેનો પૃથ્થકરણ અહેવાલ તારીખ ૭/૧૧/૨૦૨૨ ના રોજ આવતા તેમા લીધેલ નમુનાનું આનુવાંશીક શુધ્ધતા ૯૦ટકા ના બદલે ૩.૨૯ ટકા જણાઈ આવેલ. જે બીયારણ અધીનીયમ ૧૯૬૮ ની કલમ ૬ (ક) મુજબ નકકી કરેલ ઓછામા ઓછી આનુવાંશીક શુધ્ધતા માલુમ પડતા નમુનો બીન પ્રમાણીત જાહેર થયેલો.

વધુમા ફરીયાદી જણાવે છે કે, બીયારણ પૃથ્થકરણ ના અહેવાલ મુજબ નુ બીયારણ આ અધીનીયમ મુજબ નીર્દીશીસ્ટ કરેલ આનુવાંશીક શુધ્ધતા ને અનુરુપ ન હોય તત્કાલીન અધીકારી શ્રી પટેલ દવારા પૃથ્થકરણ અહેવાલ ની એક નકલ સાથે વીક્રેતા આરોપી નંબર ૧ અને આરોપી નંબર ૨ કે જે આરોપી નંબર ૧ વીક્રેતા ના જવાબદાર પેઢી તથા આરોપી નંબર ૫ ઉત્પાદક પેઢી અજીત સીડસ પ્રા.લી ને તારીખ ૧૭/૧૧/૨૦૨૩ ના રોજ કારણદર્શક નોટીસ આપેલી. જેમાં વીક્રેતા પેઢી આરોપી નંબર ૧ નો ખુલાસો ખેતી અધીકારી બરવાળા ને મોકલી આપેલો. જેમા તેઓએ જણાવેલ કે, તે ઉચી ગુણવતા ચુકત બીયારણ નુ વેચાણ પાકા બીલ થી કરે છે અને શીલ બંધ પેકેટ વેચાણ અર્થે લાવે છે અને શીલ બંધ પેકેટ જ વેચે છે અને વધુમા જણાવેલ આ હાઈબ્રીડ કપાસ નુ બીયારણ મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ લીંમડી આરોપી નંબર ૩ પાસે થી ખરીદ કરેલુ. આથી આ સમગ્ર કાર્યવાહી માંથી તેઓને મુકત કરવાની વીનંતી કરેલી. જેથી ઉત્પાદક પેઢી અજીત સીડસ ને તારીખ ૨૦/૧૧/૨૦૨૨ ના રોજ કારણદર્શક નોટીસ આપી પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, તેઓને આજદીન સુધી એક પણ વેરાઈટલ એમ્યુરીટી બાબતે ખેડુતો તરફ થી કોઈ ફરીયાદ મળેલ નથી. કંપની હાઈ કવોલીટી સ્ટાન્ર્ડડ અનુસરી બીયારણ નુ વેચાણ કરતી હોય છે સેન્ટ્રલ ટેસ્ટીંગ લેબોરેટરી મા રીટેસ્ટીગ માટે વીનંતી કરેલી. મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ લીમડી તેઓને તારીખ ૨૨/૨/૨૦૨૩

ના રોજ કારણદર્શક નોટીસ મોકલતા તેઓના જવાબ મા તેઓ જણાવે છે કે, તેઓએ બીયારણ શીલબંધ પેકેટ મા લાવી શીલબંધ પેકેટમાં જ વેચાણ કરે છે અને આજદીન સુધી ખેડુતો તરફ થી કોઈ ફરીયાદ આવેલ ન હોય, તેઓ આગળની કાર્યવાહી ન કરવા વીનંતી કરેલી અને આરોપી નંબર ૩ વતી આરોપી નંબર ૪ પરીખ રમેશચંદ્ર ચત્રભુજ નાઓએ જવાબ આપેલો. આમ, વીક્રેતા પેઢી આરોપી નંબર ૧ મધ્યસ્થ વીક્રેતા પેઢી આરોપી નંબર ૩ અને ઉત્પાદક પેઢી આરોપી નંબર ૫ એમ આ ત્રણેય પેઢીના જવાબદાર વ્યકિતઓ દવારા મળેલ કારણદર્શક નોટીસના ખુલાસાઓ તથા અન્ય સાધનીક કાગળો સંકલીત કરી ખેતી અધીકારીશ્રી બરવાળા દવારા નાયબ ખેતી નીયામક શ્રી બોટાદ ને કોર્ટ કેસ ની દરખાસ્ત તારીખ ૨૩/૩/૨૦૨૩ ના રોજ મોકલી આપેલી. જે નાયબ ખેતી નીયામક શ્રી દવારા તારીખ ૨૩/૩/૨૦૨૩ ના રોજ કોર્ટ કેસ કરવાની સ્પસ્ટ ભલામણ કરતા, આ કોર્ટ કેસ દરખાસ્ત ખેતીનીયમક શ્રી કૃષી ભવન ગાંધીનગર ખાતે કોર્ટ કેસ મંજુરી અર્થે મોકલી આપતા, ખેતી નીયમક શ્રી કૃષી ભવન ગાંધીનગર દવારા આ સદરહુ કેસમાં બીયારણ અધીનીયમ ૧૯૬૬ ની કલમ ૬(ક) હેઠળ નકકી કરેલ ઓછામા ઓછી આનુવાંશીક શુધ્ધતા ન હોય, આ અધીનીયમ ની કલમ ૭ખ તથા બીયારણ નીયમ ૧૯૬૮ ના નીયમ ૧૦ નો ભંગ થતા બીયારણ અધીનીયમ ૧૯૬૬ ની કલમ ૧૯ હેઠળ શીક્ષાપાત્ર ગુનો બનતો હોય, નામદાર કોર્ટમા તે બાબતની વીગતવાર ની ફરીયાદ સાધનીક કાગળો સાથે રજુ કરેલ. આ આંક–૧ વાળી ફરીયાદ બતાવવામા આવે છે તેમા તેમની સહી છે જે તેઓ ઓળખે છે. તેમજ તેમને માર્ક ૨૫/૧ વાળો કાર્યલય આદેશ બતાવવામા આવે છે તે બરવાળા ખેતીવાડી અધીકારી તરીકે ની નીમણુક કરવામા આવેલ તે હુકમ છે તે કુલ ૨ કાગળ મા છે. જે સંયુકત રજુ **આંક–૩૪** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૨ બતાવવમા આવે છે તે સીડસ ઈન્સપેકટર તરીકે ના પાવર બરવાળા જયુરીડીકશનો સોપેલ તે સબંધે સરકારી શ્રી દવારા બહાર પાડેલ નોટીફીકેશ છે. જે રજુ **આંક–૩૫** આપવામા આવે છે.તેમને માર્ક ૨૫/૩ બતાવવમા આવે છે જે એગ્રી બીજનેશ સેન્ટર પાસેથી બીયારણ નો નમુનો લેવા આપેલ નોટીસ છે. જે રજુ **આંક–૩૬** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૪ બતાવવમા આવે છે તે સીડસ ટેસ્ટીગ ગાંધીનગર ને પૃથ્થકરણ માટે નમુના સાથે કરેલ ફોર્વડીગ પત્ર છે.

જે રજુ **આંક–૩૭** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૫ બતાવવમા આવે છે તે લીધેલ નમુના સંદર્ભે સાધનીક કાગળ છે જે રજુ **આંક–૩૮** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૬ બતાવવમા આવે છે જે લીધેલ નમુના નો પૃથ્થકરણ અહેવાલ છે. જે રજુ **આંક–૩૯** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૭ બતાવવમા આવે છે. જે આરોપી નંબર ૧ વીક્રેતા પેઢીને આપેલ નોટીસ છે તેમજ તેનસ સાથે બીજી વખત રીમાઈન્ડર નોટીસ છે જે તમામ નોટીસ સંયુકત રજુ **આંક–૪૦** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૮ બતાવવામા આવે છે. જે આરોપી નંબર ૧ વીક્રેતા પેઢી ની વતી આરોપી નંબર ૨ એ આપેલ નોટીસ નો અસલ ખુલાસો આપેલ તથા તેની સાથે વીક્રેતા પેઢીનુ લાઈસન્સ આધાર કાર્ડ, બીલની કોપી મોકલી આપેલ જે તમામ સંયુકત રજુ **આંક–૪૧** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૯ બતાવવમા આવે છે. જે આરોપી નંબર ૩ વીક્રેતા પેઢીને આપેલ નોટીસ છે. જે રજુ **આંક– ૪૨** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૧૦ બતાવવમા આવે છે. જે આરોપી નંબર ૩ મધ્યસ્થ વીક્રેતા પેઢી ની વતી આરોપી નંબર ૪ એ આપેલ નોટીસ નો અસલ ખુલાસો આપેલ તથા તેની સાથે વીક્રેતા પેઢીનુ લાઈસન્સ, આધાર કાર્ડ, બીલની કોપી મોકલી આપેલ જે તમામ સંયુકત રજુ **આંક–૪૩** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૧૧ બતાવવામા આવે છે. જે આરોપી નંબર ૫ ઉત્પાદક પેઢીને આપેલ નોટીસ છે. જે રજુ **આંક–૪૪** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૧૨ બતાવવમા આવે છે. જે આરોપી નંબર ૫ ઉત્પાદક પેઢી ની વતી આરોપી નંબર ૬ એ આપેલ નોટીસ નો અસલ ખુલાસો આપેલ તથા તેની સાથે વીક્રેતા પેઢીનુ આધાર કાર્ડ, કંપની વતી જવાબ આપવા અધીકૃત કરેલ વ્યકિતની વીગત તેમજ બ્રીડર સર્ટીફીકેટ, બીલની કોપી, લાઈસન્સ ની કોપી તથા કંપની દવારા સદરહુ બીયારણ ની વેરાઈટી મોર્ફીલોજીકલ કેરેકટર અંગેનો ઘોષણાનો પત્ર, તેમજ તે સાથેના તમામ સાધનીક કાગળો મોકલી આપેલ. જે તમામ સંયુકત રજુ **આંક–૪૫** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૧૩ બતાવવમા આવે છે. જે કોર્ટ કાર્યવાહી કરવા માટેની દરખાસ્ત છે. જે સંયુકત રજુ **આંક–૪૬** આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૧૪ બતાવવમા આવે છે. જે ખેતી નીયામક ગાંધીનગર દવારા કોર્ટ કાર્યવાહી કરવા માટે કરેલ કચેરી આદેશ છે. જે રજુ **આંક–** ૪૭ આપવામા આવે છે. તેમને માર્ક ૨૫/૧૫ બતાવવમા આવે છે. જે લીધેલ બીયારણ ના નમુના

ની વીગત દર્શાવતી વીગતનો પત્ર છે. જે રજુ **આંક–૪૮** આપવામા આવે છે.

**<u>આરોપીઓના વિધ્વાન વકીલશ્રી ધ્વારા ફરીયાદીની કરવામા આવેલ ઉલટતપાસમા ફરીયાદી એ હકિકતો કબૂલ રાખેલ છે કે,</u>**

**(૧૧)** તેમને એચ.બી પટેલ સાહેબ સાથે નોકરી કરવાનો પ્રસંગ બનેલ નથી. બીયારણ અધીનીયમ ૧૯૬૬ અને ૧૯૬૭ અને ૧૯૬૮ના નીયમો થી પરીચીત છુ અને તેનો અભ્યાસ કરેલ છે. ઈન્સપેકશન ની ડેઈલી ડાયરી નીભાવવાની હોય છે. ડેઈલી ડાયરી આ કામે રજુ કરેલ નથી. તારીખ ૨૮/૫/૨૦૨૨ નારોજ એગ્રી બીજનેશ સેન્ટર નુ ઈન્સપેકશન કરેલ. આ મુલાકાત વખતે તેઓ સ્થળ પર હાજર ન હતો. આ મુલાકાત મા કોણ કોણ ગયેલ અને પંચો કોણ હતા તેનો ઉલ્લેખ ફરીયાદ કે સરતપાસ મા કરેલ નથી. સ્થળ ઉપર ૩ નમુના લેવામા હોય છે. ૩ નમુના તેઓએ જાતે લીધેલ નથી. આ ૩ નમુના માંથી એક નમુનો ગાંધીનગર પૃથ્થકરણ માટે મોકલવાનો હોય છે અને બીજો નમુનો આરોપી નંબર ૧ અને ૨ ને શીલ કરીને આપવાનો હોય છે. ગાંધીનગર પૃથ્થકરણ મા જે નમુનો મોકલવામા આવેલ છે તેના રીપોર્ટ થી અસંતોષ હોય તો વીક્રેતા પેઢીના નમુનાનો ઉપયોગ કરવામા આવે છે. તેમની ફરીયાદ કે સરતપાસ મા નમુનો ગાંધીનગર કોના દવારા અને કેવી રીતે મોકલાવેલ તેનો ઉલ્લેખ નથી. ફરીયાદ મુજબ તારીખ ૨૮/૦૫/૨૦૨૨ નારોજ નમુનો લીધેલ. નમુના લીધેલ તે બીયારણ ની વેલીડીટી તારીખ ૦૪/૦૯/૨૦૨૨ ની હતી. ગાંધીનગર ટેસ્ટીગ લેબમાં મોકલેલ નમુનો તારીખ ૦૮/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ છે. નમુના નુ એનાલીસીસ સર્ટી તારીખ ૭/૧૧/૨૦૨૨ ના રોજ આપવામા આવેલ. એનાલીસીસ માટે જે નમુનો મોકલવામા આવેલ તેની વેલીડીટી એનાલીસીસ સર્ટી આપવામા આવેલ તે દીવસે પુરી થઈ ગયેલ હતી. બીયારણ ની વેલીડીટી પુરી થઈ ગયેલ હોય તો તેની ગુણવત્તામા ફેરફાર આવે. તારીખ ૧૭/૧૧/૨૨ ના રોજવીક્રેતા પેઢીને આપેલ નોટીસ મા એવુ જણાવેલ નથી કે એફ.એસ.એલના રીપોર્ટ થી તમે અસંતુસ્ટ હોય તો તમે ફેર તપાસણી માટે તમે કોર્ટમા અરજી કરી શકશો. નોટીસ આપતા પહેલા અને ફરીયાદ દાખલ કરતા પહેલા લીધેલ નમુના ના બીયારણ ની વેલીડીટી પુરી થયેલ હતી. બીયારણના ટેસ્ટીગ અહેવાલ થી અસંતુષ્ટ હોય તો બીયારણ ના વેલીડીટી અંદર રીચેકીગ કરવુ પડે. વાદગ્રસત બીયારણ

બાબતે કોઈ ખેડુતોએ તેમની કચેરીમા ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી. વાદગ્રસ્ત બીયારણ જેણે ખરીદ કર્યા છે તેના અભીપ્રાય તેઓએ લીધેલ નથી. બીયારણ ની વેલીડીટી પુરી થયા બાદ હાલનો કેસ દાખલ કરેલ છે. ફરીયાદ સાથે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલ નથી. સાહેદ જણાવે છે કે, નમુના નંબર ૮ મા સ્વતંત્ર સાહેદોના નામ જણાવેલ છે. નમુનો લેતી વખતે પંચ રોજકામ કરવામા આવેલ નથી. નમુનો પૃથ્થકરણ માટે મોકલ્યા પછી ૩૦ દીવસ ની અંદર સીડસ્ટ એનાલીસીસ રીપોર્ટ મોકલેલ નથી. સાહેદ સ્વૈછાએ જણાવે છે કે, લેબોરેટરીએ ટેસ્ટીગ કરી તેમને રીપોર્ટ મોકલવાનો હોય છે. પૃથ્થકરણ રીપોર્ટ ટેસ્ટીગ લેબોરેટરીએ તેમને ૩૦ દીવસ મા મોકલેલ નથી.

**(૧૨)** આ તબકકે બિયારણ અધિનિયમની કલમ તથા બિયારણ અધિનિયમના નિયમો ધ્યાને લેવા ખૂબ જરૂરી છે. જે નીચે મુજબ છે.

**Section 14. Powers of Seed Inspector.**

(1) The Seed Inspector may--

(a) take samples of any seed in any notified kind or variety from--

(i) any person selling such seed; or

(ii) any person who is in the course of conveying, delivering or preparing to deliver such seed to a purchaser or a consignee; or

(iii) a purchaser or a consignee after delivery of such seed to him;

(b) send such sample for analysis to the Seed Analyst for the area within which such sample has been taken;

(c) enter and search at all reasonable times, with such assistance, if any, as he considers necessary, any place in which he has reason to believe that an offence under this Act has been or is being committed and order in writing the person in possession of any seed in respect of which the offence has been or is being committed, not to dispose of any stock of such seed for a specific period not exceeding thirty days or, unless the alleged offence is such that the defect may be removed by the possessor of the seed, seize the stock of such

seed;

(d) examine any record, register, document or any other material object found in any place mentioned in clause (c) and seize the same if he has reason to believe that if may furnish evidence of the commission of an offence punishable under this Act; and

(e) exercise such other powers as may be necessary for carrying out the purposes of this Act or any rule made thereunder.

(2) Where any sample of any seed of any notified kind or variety is taken under clause (a) of sub-section (1), its cost, calculated at the rate at which such seed is usually sold to the public, shall be paid on demand to the person from whom it is taken.

(3) The power conferred by this section includes power to break-open any container in which any seed of any notified kind or variety may be contained or to break-open the door of any premises where any such seed may be kept for sale: Provided that the power to break-open the door shall be exercised only after the owner or any other person in occupation of the premises, if he is present therein, refuses to open the door on being called upon to do so.

(4) Where the Seed Inspector takes any action under clause (a) of sub-section (1), he shall, as far as possible, call not less than two persons to be present at the time when such action is taken and take their signatures on a memorandum to be prepared in the prescribed form and manner.

(5) The provisions of the Code of Criminal Procedure, 1898 (5 of 1898), shall, so far as may be, apply to any search or seizure under this section as they apply to any search or seizure made under the authority of a warrant issued under section 98 of the said Code.

**Section 15. Procedure to be followed by Seed Inspectors.**

(1) Whenever a Seed Inspector intends to take sample of any seed of any notified kind or variety or analysis, he shall--

(a) give notice in writing, then and there, of such intention to the person from whom he

intends to take sample;

(b) except in special cases provided by rules made under this Act, take three representative samples in the prescribed manner and mark and seal or fasten up each sample in such manner as its nature permits.

(2) When samples of any seed of any notified kind or variety are taken under sub-section (1), the Seed Inspector shall--

(a) deliver one sample to the person from whom it has been taken;

(b) send in the prescribed manner another sample for analysis to the Seed Analyst for the area within which such sample has been taken; and

(c) retain the remaining sample in the prescribed manner for production in case any legal proceedings are taken or for analysis by the Central Seed Laboratory under sub-section (2) of section 16, as the case may be.

(3) If the person from whom the samples have been taken refuses to accept one of the samples, the Seed Inspector shall send intimation to the Seed Analyst of such refusal and thereupon the Seed Analyst receiving the sample for analysis shall divide it into two parts and shall seal or fasten up one of those parts and shall cause it, either upon receipt of the sample or when he delivers his report, to be delivered to the Seed Inspector who shall retain it for production in case legal proceedings are taken.

(4) Where a Seed Inspector takes any action under clause (c) of sub-section (1) of section 14,--

(a) he shall use all despatch in ascertaining whether or not the seed contravenes any of the provisions of section 7 and if it is ascertained that the seed does not so contravene, forthwith revoke the order passed under the said clause or, as the case may be, take such action as may be necessary for the return of the stock of the seed seized;

(b) if he seizes the stock of the seed, he shall, as soon as may be, inform a magistrate and take his orders as to the custody thereof;

(c) without prejudice to the institution of any prosecution, if the alleged offence is such that the defect may be removed by the possessor of the seed, he shall, on being satisfied that the defect has been so removed, forthwith revoke the order passed under the said clause.

(5) Where a Seed Inspector seizes any record, register, document or any other material object under clause (d) of sub-section (1) of section 14, he shall, as soon as may be, inform a magistrate and take his orders as to the custody thereof.

**Section 16. Report of Seed Analyst.**

(1) The Seed Analyst shall, as soon as may be after the receipt of the sample under subsection (2) of section 15, analyse the sample at the State Seed Laboratory and deliver, in such form as may be prescribed, one copy of the report of the result of the analysis to the Seed Inspector and another copy thereof to the person from whom the sample has been taken.

(2) After the institution of a prosecution under this Act, the accused vendor or the complainant may, on payment of the prescribed fee, make an application to the court for sending any of the samples mentioned in clause (a) or clause (c) of sub-section (2) of section 15 to the Central Seed Laboratory for its report and on receipt of the application, the court shall first ascertain that the mark and the seal or fastening as provided in clause (b) of sub-section (1) of section 15 are intact and may then despatch the sample under its own seal to the Central Seed Laboratory which shall thereupon send its report to the court in the prescribed form within one month from the date of receipt of the sample, specifying the result of the analysis.

(3) The report send by the Central Seed Laboratory under sub-section (2) shall supersede the report given by the Seed Analyst under sub-section (1).

(4) Where the report sent by the Central Seed Laboratory under sub-section (2) is produced in any proceedings under section 19, it shall not be necessary in such

proceedings to produce any sample or part thereof taken for analysis.

**THE SEEDS RULES 1968**

**Rule 21.** Duties of a Seed Analyst. – On receipt of a sample for analysis the Seed Analyst shall first ascertain that the mark and the seal or fastening as provided in clause (b) of sub-section (1) of section 15 are intact and shall note the condition of the seals thereon. (2) The Seed Analyst shall analyse the samples according to the provisions of the Act and these rules. (3) The Seed Analyst shall deliver the copy of the report of the result of the analysis to the persons specified in sub-section (1) of section 16. (4) The Seed Analyst shall from time to time forward to the State Government the reports giving the result of analytical work done by him.

(૧૩) ઉપરોકત ફરીયાદપક્ષનો પુરાવો તથા બિયારણ અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લીધી. ઉપરોકત ફરીયાદીના પુરાવાનું મૂલ્યાંકન કરતા ફરીયાદી તરફે કબુલ કરેલ છે કે, આ કામે બિયારણનો નમૂનો તારીખ ૨૮/૦૫/૨૦૨૨ ના રોજ આરોપી નંબર ૧ પાસેથી લેવામા આવેલ. તે બિયારણની વેલીડીટી તારીખ ૦૪/૦૯/૨૦૨૨ સુધીની હતી. તે બિયારણનું પૃથ્થકરણ અહેવાલ આંક–૩૯ થી રજૂ થયેલો છે. જે પૃથ્થકરણનો અહેવાલ તારીખ ૦૭/૧૧/૨૦૨૨ ના રોજનુ આપવામા આવેલુ છે. આમ, આંક–૩૯ નો પૃથ્થકરણનો અહેવાલ બિયારણના નમૂનાની વેલિડીટી તારીખ ૦૪/૦૯/૨૦૨૨ ના રોજ પુરી થઈ ગયા પછીનો એટલે કે તારીખ ૦૭/૧૧/૨૦૨૨ નારોજનો અહેવાલ છે. આમ, પૃથ્થકરણનો અહેવાલ મળે તે પહેલા બિયારણના નમૂનાની વેલિડીટી પુરી થઈ ગયેલ હતી. બિયારણની વેલિડીટી પુરી થઈ ગયા બાદ તારીખ ૧૭/૧૧/૨૦૨૨ ના રોજ આરોપી નંબર ૧ ને નોટીસ આપવામા આવેલી છે. તેમજ હાલની ફરીયાદ ફરીયાદીએ ૦૪/૦૮/૨૦૨૩ ના રોજ એટલે કે, બિયારણના સેમ્પલની તારીખ ૦૪/૦૯/૨૦૨૨ ના રોજ પુરી થયા બાદ ફરીયાદ દાખલ કરેલ છે.

આમ, ઉપરોકત બિયારણ અધિનિયમની કલમ ૧૬(૨) મુજબની જોગવાઈ મુજબ સેમ્પલ રિ–એનાલિસીસ કરવા માટેની તક આરોપીઓને આપવા માટેની સ્ટેચ્યુટરી જોગવાઈ કરવામા આવેલ છે અને આ આરોપીઓનો વેલ્યુએબલ રાઈટ છે. આ મેન્ડેટરી જોગવાઈ નો ફરીયાદપક્ષે ભંગ કરેલ હોય અને આરોપીઓને પોતાના હકકથી વંચિત રાખવામા આવેલ છે. જેથી આરોપીની બિયારણની વેલિડીટી પુરી થઈ ગયેલ હોય જેથી આરોપીઓએ પૃથ્થકરણ રિપોર્ટ વિરૂધ્ધ

રિ–એનાલિસીસ કરવાની તક મળેલ નથી.

(૧૪) આ સંદર્ભે નીચે મુજબનો નામદાર બોમ્બે હાઈકોર્ટે ચુકાદો ધ્યાને લેવો ખૂબ જરૂરી છે.

• **IN CASE OF R.Shridhar Vs StateDepartment Of Agriculture & Anr. 2016 ALL MR (Cri) 4409** The Hon'ble Bombay High Court Held that.-"12. It is thus clear that right of the accused to send the and sample of seed for analysis to the Central Seed Laboratory Act arise only on institution of prosecution. In the instant case, -me undisputadely, the shelf life of seed is expired on 24.12.2002. of Thus, the sample has become unfit for analysis by the Ken Central Seed Laboratory. It is pertinent to note that in the uch instant case, the complaint came to be filed before the Court use after shelf life of seed came to be expired. It is further his pertinent to note that even though the complaint came to be cial filed before the Magistrate in the year 2003, the summons were issued to the applicant accused in the year 2005. I do not find any explanation or reason as to issuing the summons to the applicant accused and respondent No.2 belatedly by the Court. However, it is for the complainant to pursue his case and only after recording his verification statement before the Court or even the same also stands dispensed with in case the complaint is filed by the public officer, the summons to the accused are issued as a matter of routine course. 13. In the catena of judgments, relied upon by the counsel for the applicant, it has laid down that the samples have to be tested by the Central Laboratory before expiry of shelf life of the sample and if shelf life of the sample is expired, it causes prejudice. The complaint is therefore, stand vitiated for the sole reason that the applicant accused has been deprived of his valuable rights, as provided under the provisions of Section 16(2) of the Seeds Act."

• **IN CASE OF MAHYCO VEGETABLE SEEDS LTD (NOW KNOWN AS MAHARASHTRA HYBRID SEEDS CO PVT LTD) AND ORS. VERSUS THE STATE OF MAHARASHTRA AND ORS. CRIMINAL APPEAL NO(S).1092 OF 2017 Arising out of slp(cri.) no.4017/2017)** The Hon'ble Supreme court of India Held

that.-"4. The point agitated is short and precise. The sample of seeds was taken on 01.09.2002 and the report of the Seed Analyst is dated 26.09.2002. The shelf life of the sample was till 07.11.2002 which is evident from the details of the samples taken, mentioned in Form-VIII. A complaint was filed on 31.01.2003. Under Section 16 (2) of the Seeds Act, 1966 after institution of above prosecution, the accused or the complainant, as may be, is vested with a right to make an application to the Court for sending a part of the sample to the Central Seed Laboratory for reanalysis. Such pari materia provisions in other statutes have been held by this Court to be mandatory, vesting a valuable right either in the accused or the complainant as may be. 5. the In present case, by complaint came to be filed on the time the 31.01.2003, the sample has lost its shelf life. If that be so, the accused-appellant must be understood to have been deprived of his valuable right of reanalysis. 6. Such deprivation will go to the root of the matter and render the prosecution futile and redundant. If that is so, we are inclined to hold that there is no reason why the proceedings should not be quashed. We order accordingly."

**(૧૫)** ઉપરોકત સર્વોચ્ચ અદાલત સમક્ષના ચુકાદાની હકિકત તથા હાલના કેસની હકિકત અને સંજોગો એકસમાન છે. ઉપરોકત ચુકાદાના પેરા (૫) માં જણાવ્યા મુજબ બિયારણ સેમ્પલની સેલ્ફલાઈન પુરી થઈ ગયેલ હોય અને આરોપીને રિ–એનાલિસીસની તક મળેલ ન હોય જેથી તે કેસમા નામદાર સર્વોચ્ચ અદાલતે આરોપી સામેનુ પ્રોસિડિંગ્સ ચાલી શકે તેમ નથી, તેવુ ઠરાવેલ છે. હાલના કેસમા પણ ફરીયાદ તારીખ ૦૪/૦૮/૨૦૨૩ ના રોજ દાખલ કરવામા આવેલ છે તે પહેલા કબજે કરવામા આવેલ બિયારણની વેલિડીટી તારીખ ૦૪/૦૯/૨૦૨૨ ના રોજ પુરી થઈ ગયેલ હોય જેથી સિડસ એકટની કલમ ૧૬ ની જોગવાઈ મુજબ આરોપીઓને હાલના કામે સેમ્પલ રિ–એનાલિસીસની તક મળેલ નથી. જેથી આરોપીઓ સામેની હાલની ફરીયાદ ટકવા પાત્ર નથી.

**(૧૬)** વધુમા આ કામે એચ.બી.પટેલ ખેતીવાડી અધિકારીએ આરોપી નંબર ૧ પેઢીના જવાબદાર વ્યકિતની હાજરીમાં બિયારણ કબજે કરવામા આવેલ છે. પરંતુ ખેતીવાડી અધિકારી શ્રી એચ.બી.પટેલનાઓને કે જેઓ આ કામે મહત્વના સાહેદ છે તેઓને ફરીયાદપક્ષે

સાક્ષી તરીકે તપાસેલા નથી. વધુમા આ કામે બિયારણ કબજે કર્યાનુ પંચનામુ સ્વતંત્ર સાહેદોની રૂબરૂ કરવામા આવેલ નથી કે બિયારણ કબજે કર્યાનુ પંચનામુ આ કામે થયેલ નથી. વધુમાં સીડસ એકટ અન્વયે બનેલા રૂલ્સના રૂલ–૨૧(૩) મુજબ સીડસ એનાલિસ્ટને રીપોર્ટ માટે સેમ્પલ મળેલ ત્યારથી ૩૦ દીનમા તેઓએ રીપોર્ટ કરી આપવાનો હોય છે. પરંતુ હાલના કેસમા આંક–૩૯ થી રજૂ થયેલ સીડસ એનાલિસ્ટનો રીપોર્ટ ઘ્યાને લેતા સેમ્પલ તારીખ ૦૮/૦૬/૨૦૨૨ નારોજ મળેલ છે અને તારીખ ૦૭/૧૧/૨૦૨૨ નારોજ એનાલિસીસ ઘ્વારા રિપોર્ટ કરવામા આવેલો છે. આમ, સીડસ એકટ અન્વયે બનેલા રૂલ ૨૧(૩) મુજબ સીડસ એનાલિસ્ટને રીપોર્ટ મળ્યાનો દીન ૩૦ માં રીપોર્ટ કરેલ નથી અને મેન્ડેટરી જોગવાઈનો ભંગ કરેલ છે.

**(૧૭)** આમ કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર રહેલો હોય છે, જયારે આરોપીએ પોતાનો બચાવ પ્રી–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિઘ્ધાંત સુધી જ પુરવાર કરવાનો હોય છે. જે આરોપીએ પોતાનો કેસ પુરવાર કરેલો છે, જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલો નથી. આ બધી હકીકતો ને ઘ્યાને લેતાં, શંકા ગમે તેટલી પ્રબળ હોય પણ તે પુરાવાનું સ્થાન લેતી નથી, તે સિંઘ્ધાતને ઘ્યાને લઈને હાલના આરોપીને વ્યાજબી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાની અરજ કરેલ છે તથા આ કામે ગુન્હાઓ પુરવાર કરવાના ઉપર જણાવ્યા મુજબના કાયદેસરના તત્વો ઘ્યાનમા લેતાં તથા સમગ્ર પુરાવો અને રેકર્ડ ઘ્યાનમાં લેતાં, આમ આ બધા પ્રશ્નો નિ:શંક પુરવાર થતા ન હોય. ફોજદારી કાર્યરીતી સંહીતાના સિઘ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષે આરોપી સામેનો ગુનો કોઈપણ જાતની શંકાથી પર સાબિત કરવાનો રહે છે. આ તમામ સંજોગો ઘ્યાને લેતાં, આરોપીઓ દ્વારા બિયારણ અધિનિયમની કલમ ૬(ક) સાથે વાંચતા કલમ ૭(ખ) તથા તેના લેબલ ઉપર ગેરમાર્ગે દોરનારુ લખાણ હોવાથી બિયારણ નિયમોનો નિયમ ૧૦ નો ભંગ કરી, એકબીજાના મેળાપીપળામા બિયારણ અધિનિયમની કલમ ૧૯ હેઠળનો ગુનો નિ:શંકપણે ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, **<u>મુદ્દા નંબર–૧</u> નો જવાબ ''<u>નકાર</u>''**માં આપવામાં આવે છે અને **<u>મુદ્દા નંબર–૨</u>** અંગે નીચે મુજબ **<u>આખરી હુકમ</u>** ફરમાવવામાં આવે છે.

# –:: આખરી હુકમ ::–

**(૧)** આ કામના **આરોપીઓ** (૧) એગ્રી બિઝનેસ સેન્ટર, (વિક્રેતા પેઢી) કાપડયાળી રોડ, બરવાળા, જીલ્લો–બોટાદ (૨) કિશોરકુમાર વેલજીભાઈ દલસાણિયા, (વિક્રેતાના જવાબદાર વ્યકિત) કાપડયાળી રોડ, બરવાળા, જીલ્લો–બોટાદ, (૩) મહાલક્ષ્મી એન્ટરપ્રાઈઝ (મધ્યસ્થ વિક્રેતા પેઢી) મહાલક્ષ્મી મંદિરની સામે, લીંબડી, જીલ્લો–સુરેન્દ્રનગર (૪) પરીખ રમેશચંદ્ર ચત્રભુજ, (મધ્યસ્થ વિક્રેતા પેઢીના જવાબદાર વ્યકિત), મહાલક્ષ્મી મંદિરની સામે, લીંબડી, જીલ્લો–સુરેન્દ્રનગર, (૫) અજીત સીડસ પ્રાઈવેટ લિમિટેડ, (ઉત્પાદક પેઢી) ૨૩૩, ચીતેગાવ, તાલુકો–પેથાન, જીલ્લો–ઓરંગાબાદ (૬)જયદિપભાઈ અમરજી પંડયા, (ઉત્પાદક પેઢીના જવાબદાર વ્યકિત) બસ સ્ટેશન પાછળ, ટીમાણા, જીલ્લો–ભાવનગર નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫ (૧) અન્વયે બિયારણ અધિનિયમની કલમ ૧૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આરોપીનાં જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા અન્વયે આજથી છ માસ સુધીના સમય ગાળા માટે આરોપીએ રૂપિયા ૧૦,૦૦૦/– (અંકે રુપીયા દસ હજાર પુરા)ના સધ્ધર જામીન અને જાતમુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૦૪ મી, માહે–મે, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૦૪/૦૫/૨૦૨૬
સ્થળ:– બરવાળા

(**નિતેષ કિશોરભાઈ નાચરે**)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બરવાળા, જીલ્લો–બોટાદ
યુનીક જજ કોડ–જીજે ૦૧૪૫૧